# ખ્રિસ્તે યોહાનને જે બનવાનું છે તે બતાવ્યું.

**બાળકોને શીખવનારે અભ્યાસ વાંચી જવો.**

**૧. પ્રકટીકરણનું પુસ્તક શીખવવા માટે વચન અને પ્રાર્થના સહિત તૈયારી કરો.**

**પ્રાર્થના :** ''પ્રભુ ઈસુ તમે આખી પૃથ્વીના પ્રભુ છો. ગમે તે ભાગે અમને તમારી સેવા માટે તૈયાર કરો. જેથી કરીને આવનાર આશીર્વાદો માટે અમે અમારી જાતને તૈયારી કરી શકીએ.''

**નોંધ :** તેમાંના ઘણાં પ્રતિકો જૂના કરારમાંથી છે. નવો કરાર જણાવે છે કે પ્રભુ ઈસુએ જૂના કરારની આગાહીઓ પૂરી કરી છે. જે ખ્રિસ્તીઓ દુ:ખ સહન કરે છે તેમણે ખ્રિસ્તના આવતા સુધી વિશ્વાસુ રહેવું જોઈએ તેવું પ્રકટીકરણનું પુસ્તક આપણને શીખવે છે.



પ્રક્ટીકરણનું પુસ્તક આખા અઠવાડિયા દરમ્યાન વાંચી જાઓ. નીચેની સૂચિ પ્રમાણે વાંચો. આ પુસ્તક આપણને સ્વર્ગમાં જોવા માટે અને પૃથ્વી ઉપર જીવન જીવવા માટે કેવી સહાય કરે છે તે જૂઓ.

**૧લો દિવસ**

સ્વર્ગમાં રહેલા ખ્રિસ્ત વિષેના આ સંદેશા જૂઓ ૧:૧-૯ ખ્રિસ્તે આપણે માટે આ જગતમાં શું કર્યું.

**૧:૧૦-૧૯** ખ્રિસ્ત આપણે માટે સ્વર્ગમાં શું કરે છે

**૨:૧ થી ૩:૨૨** પૃથ્વી ઉપર વિશ્વાસીઓને ખ્રિસ્ત શું કહે છે (૭ મંડળીઓ)

**૪:૧ થી ૫:૧૪** વિશ્વાસીઓ સ્વર્ગમાં ખ્રિસ્તને શું કહે છે.

**બીજો દિવસ**

આ સંદેશાઓમાં ખ્રિસ્ત માટે જીવવા અંગે જુઓ.

**૬ : ૧-૧૭** જે સ્વર્ગમાં ઠરાવવામાં આવે છે તે પૃથ્વી ઉપર થાય છે.(૭મુદ્રા)

**૭ : ૧થી ૮** વિશ્વાસીઓ પૃથ્વી પર ખ્રિસ્તને માટે શું કરે છે (૧૨ કુળો)

**૭ : ૯ થી ૮ : ૬** ખ્રિસ્ત વિશ્વાસીઓને માટે આકાશમાં શું કરે છે.

**ત્રીજો દિવસ**

દેવ તરફથી ન્યાય માટે આ સંદેશાઓમાં જુઓ.

**૮ : ૭ થી ૯ : ૨૧** પૃથ્વી પર ભંયકર બાબતો થશે.

(૭ રણશિંગડા)

**૧૦ : ૧ થી ૧૧ : ૨** સ્વર્ગમાં અદ્‌ભૂત બાબતો થશે. (૭ ગર્જના)

**૧૧ : ૩ થી ૧૪** ભૂંડા લોકો વિશ્વાસુ લોકોને પૃથ્વી ઉપર શું કરશે (૨ સાક્ષીઓ)

**૧૧ : ૧૫-૧૯** સ્વર્ગ દુષ્ટ લોકોને શું કરશે ?

## ચોથો દિવસ

આત્મિક વિખવાદ વિષે આ સંદેશાઓમાં જૂઓ.

૧૨ : ૧-૨ સારા અને દુષ્ટતા વચ્ચે આકાશમાં લડાઈ

૧૨ : ૧૩-૧૭ સારાપણા અને દુષ્ટતા વચ્ચે પૃથ્વી ઉપર લડાઈ

૧૩ : ૧-૧૦ પૃથ્વી ઉપર વિશ્વાસીઓ વિરૂધ્ધ રાજકીય પરિબળો

૧૩ : ૧૧-૧૮ પૃથ્વી ઉપર વિશ્વાસીઓ વિરૂધ્ધ આત્મિક પરિબળો

## પાંચમો દિવસ

ખ્રિસ્તી તરીકે દુઃખસહન વિષે આ સંદેશાઓમાં જૂઓ.

૧૪:૧-૫ દુઃખ સહન કરતા વિશ્વાસીઓ સ્વર્ગમાં પહોંચે છે.

૧૪:૬-૧૨ શક્તિશાળી દૂત સ્વર્ગમાંથી પૃથ્વી પર આવે છે.

૧૪:૧૩-૧૮ દેવ સ્વર્ગમાં શું નક્કી કરે છે ?

૧૪:૧૯-૨૦ દેવ પૃથ્વી પર શું કરે છે ? (સાત દૂતો)

આ સંદેશાઓમાં ખ્રિસ્તના આવવા વિષે જુઓ.

૧૫:૧-૮ દેવ સ્વર્ગમાં ન્યાયનો નિર્ણય કરશે.

૧૬:૧-૨૧ દેવ પૃથ્વી ઉપર ન્યાયશાસનો મોકલશે.

૧૭:૧-૧૮:૩ શક્તિશાળી દેશોનું પતન થશે. (૭ રાજાઓ)

૧૮:૪-૮ સ્વર્ગમાંથી દેવ પરાક્રમીઓને નકારી નાખશે.

૧૮:૯-૨૪ પૃથ્વી પર દેવની છેલ્લી શિક્ષા

૧૯:૧-૧૦ દેવની ઈચ્છા સ્વર્ગમાંથી અંતિમ વિજય લાવશે.

## છઠ્ઠો દિવસ

ખ્રિસ્તના અનંતકાળના રાજ વિષે.

૧૯:૧૧-૧૮ સ્વર્ગમાં ખ્રિસ્ત રાજા તરીકે રાજ કરશે.

૧૯:૧૯-૨૧ પૃથ્વી પર ખ્રિસ્ત વિજેતા બનશે.

૨૦:૧-૩ સ્વર્ગની સત્તા શેતાનને બાંધશે.

૨૦:૪-૧૦ ખ્રિસ્તની સત્તા પૃથ્વી ઉપર રાજકરશે. (૧લું પુનરૂત્થાન)

૨૦:૧૧-૧૭ દેવ સ્વર્ગમાંથી સર્વ દુષ્ટોનો ન્યાય કરશે. (૨જું મરણ)

૨૧:૧--૮ દેવ પૃથ્વી પર સર્વ ન્યાયીઓને પ્રતિફળ આપશે.

## સાતમો દિવસ

આજના લોકો માટે સંદેશો

૨૧ : ૯-૨૭ વિશ્વાસીઓ માટે સ્વર્ગથી પ્રતિજ્ઞાઓ

૨૨ : ૧-૫ પૃથ્વી પરના દુષ્ટો માટે ચેતવણી.

**પ્રકટીકરણના પુસ્તકના મુખ્ય બનાવો.**




**૨. અઠવાડિયાની સેવાઓ માટે સાથીદારો સાથે આયોજન**

જે વિશ્વાસીઓ દુઃખ સહન કરે છે અથવા પરિક્ષણમાંથી પસાર થાય છે તેઓની મુલાકાત લો.તેઓની સાથે પ્રકટીકરણની આ ખાતરીબંધ કલમો વાંચો **૨:૧૦,૩:૧૦,૭:૧૪,૧૩:૧૦,૧૪:૧૨,૨૦:૪ અને ૨૧:૭** (ભવિષ્યવાણીઓ)

**સમજાવો** કે ખ્રિસ્તીઓને હંમેશા પ્રશ્નો રહેવાના છે પણ જો આપણે ખ્રિસ્તને વિશ્વાસયોગ્ય રહીશું તો તે આપણને પ્રતિફળ આપશે.

પ્રક્ટીકરણના પુસ્તકની સમજૂતિની રૂપરેખા જો તમે **નવા આગેવાનો**ને તાલિમ આપો છો તો સમજાવો.

- પ્રતિકોનો અર્થ જૂના કરારમાં શોધો.
- પ્રકટીકરણમાં જે પ્રતિકો છે તેમનો અર્થ બાયબલના બીજા ભાગોમાં આપ્યો હોય તે જ આપો.
- આ પુસ્તકમાં ચિત્રો અને પ્રતિમાઓ છે જે આપણને સમજાવવા માટે છે કે જો કે આપણે આ પૃથ્વી ઉપર દુઃખ સહન કરીએ છીએ તો પણ પૃથ્વીની સ્રવોપરી સત્તા દેવના હાથમાં છે.
- પુસ્તકનો દરેક ભાગ વિશ્વાસીઓને ખ્રિસ્તને આધિન થવા અને સ્વર્ગની આશા માટે છે.
- પુસ્તમાં આપેલ શિક્ષણની બાબતો જ હંમેશા ખ્રિસ્તીઓને લાગુ પાડો.

૩. તમારા સાથીદારો સાથે હવેની ભજનસેવાનું આયોજન કરો.

પ્રકટીકરણમાંથી એક અધ્યાય (જેમકે ૭મો) વાંચો અથવા બીજા પાસે તે વંચાવો.

તેનો અર્થ કઈ રીતે **સમજાવવો** તે બતાવો અથવા વિશ્વાસીઓને તે કઈ રીતે લાગુ પડે છે તેની ચર્ચા કરો.

**બાળકોએ** તૈયાર કરેલી બાબતો તેમને રજુ કરવા દો.

**પ્રભુની મેજ** માટે પ્રક.૧:૧૭-૧૮વાંચો અને સમજાવો પ્રભુ ઈસુનું મરણ અને પુનરૂત્થાન આપણને હાલમાં અને સદાકાળનું જીવન આપે છે અને તેથી આ રોટલી અને પ્યાલામાં ભાગ લેવા દ્વારા આપણે સત્યોને યાદ કરીએ છીએ.

**ત્રણ કે ચારના જૂથમાં** એકબીજાની જરૂરિયાતો વિષે સાંભળો. વિશ્વાસુ રહેવા માટે ઉત્તેજન આપો અને એકબીજા માટે પ્રાર્થના કરો.

પ્રકટી ૧૯:૧૦ **મુખપાઠ કરો.**

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net